### વેરો આપ્યા પછી પણ જનતા તરસશે ક્યાં સુધી?

# હાથીખાનામાં પાણી માટે 'ટેન્કરરાજ'

**એક ટેન્કરના ૩૦૦ ચૂકવવા મજબૂર ગરીબ પરિવારો : ઉગ્ર આંદોલનની ચીમકી**

**સમસ્યા હલ** નહીં થાય તો વિપક્ષે આપી ઉગ્ર આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ), વડોદરા. તા.8 વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૭ હેઠળ આવતા હાથીખાના સ્થિત મન્સૂરી કબ્રસ્તાન વિસ્તારના રહીશો લાંબા સમયથી પીવાના પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક તંત્રની ઉદાસીનતાને કારણે આ વિસ્તારના નાગરિકો પ્રાથમિક જરૂરિયાત એવા શુદ્ધ પાણી માટે વલખાં મારી રહ્યા છે. તાજેતરમાં આ વિસ્તારમાં યોજાયેલા એક મેડિકલ કેમ્પ દરમિયાન સ્થાનિક લોકોએ પોતાની આ આર્થિક અને માનસિક વેદના વિપક્ષના અગ્રણીઓ સમક્ષ રજૂ કરી હતી અને ન્યાયની માંગ કરી હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, પા લિકા દ્વારા આ વિસ્તારમાં લાંબા સમયથી નિયમિત અને પૂર તા પ્રમાણમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવતું નથી. આ પરિસ્થિતિને કારણે લોકોને નાછૂટકે મોંઘા ભાવના ખાનગી પાણીના ટેન્કરો પર નિર્ભર રહેવું પડે છે. પાણીના માત્ર એક ટેન્કર માટે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને આશરે ૩૦૦ સુધીનો મોટો ખર્ચ કરવો પડી રહ્યો છે. મોંઘવારીના આ સમયમાં પાણી પાછળ થતો આ વધારાનો ખર્ચ સામાન્ય પરિવારો પર એક મોટો આર્થિક બોજ બની ગયો છે, જેને કારણે સ્થાનિકોમાં પાલિકા વિરૂદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ગંભીર જનસમસ્યા અંગે વિપક્ષે પાલિકા તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જ્યારે પ્રજા નિયમિતપણે કોર્પોરેશનને તમામ પ્રકારના વેરા ચૂકવે છે, તો પછી પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધા મેળવવા માટે તેમણે ખાનગી સંસ્થાઓને વધારાના રૂપિયા શા માટે ચૂકવવા પડે? ગરીબ અને શ્રમિક વર્ગના લોકો પાસેથી પાણીના નામે ૩૦૦ વસૂલાય તે જરાય યોગ્ય નથી. પાલિકાએ આ સમસ્યા ઉકેલવા માટે એક મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનો પરિપત્ર જાહેર કર્યો છે, પરંતુ માત્ર કાગળ પરની જાહેરાતો કે ફોટો સેશનથી લોકોની તરસ છીપાતી નથી.

તંત્ર દ્વારા જમીન પર નક્કર અને વાસ્તવિક કામગીરી થવી અત્યંત જરૂરી છે. વિપક્ષ દ્વારા તંત્રને કડક ચેતવણી આપવામાં આવી છે કે જો હાથીખાના વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનું વહેલી તકે કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો જનહિતમાં પાલિકા સામે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

### વડોદરામાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઊડ્યા

# મદાર મહોલ્લાના સગીરને વારસિયા બોલાવીને ૭-૮ શખસે હુમલો કર્યો

**ઇજાગ્રસ્ત** સગીર સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 શહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ અને લુખ્ખાગીરી દિન-પ્રતિદિન વધી રહી હોય તેમ વધુ એક મારામારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના મદાર મૌહલ્લા વિસ્તારમાં રહેતા એક નાબાલિક (સગીર) યુવક પર સાત થી આઠ જેટલા શખ્સોએ ભેગા મળીને હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મારામારીમાં ઈજાગ્રસ્ત સગીરને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મદાર મૌહલ્લામાં રહેતા સગીર યુવકને અસામાજિક તત્વોએ ફોન કરીને વારસિયા વિસ્તારમાં મળવા માટે બોલાવ્યો હતો. જેથી સગીર પોતાના એક મિત્રને સાથે રાખીને વારસિયા બેન્કર હોસ્પિટલ નજીક પહોંચ્યો હતો. તેઓ ત્યાં પહોંચતા જ અગાઉથી ઘાત લગાવીને બેઠેલા તનવીર પઠાણ, મોઈન, સમીર અને તેના અન્ય 4 થી 5 સાગરીતોએ સગીર પર એકાએક હુમલો કરી દીધો હતો.

હુમલાખોરોએ સગીરને માર મારતાં તેને આંખ અને હોઠના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ મારામારી દરમિયાન સગીરનો મિત્ર તેને બચાવવા વચ્ચે પડ્યો હતો, પરંતુ ઉશ્કેરાયેલા હુમલાખોરોએ તેની સાથે પણ ઉગ્ર હાથાપાઈ કરી ગડદાપાટુનો માર માર્યો હતો. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. હુમલો કર્યા બાદ તમામ શખ્સો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જ્યારે ઈજાગ્રસ્ત સગીર તુરંત જ સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. ભોગ બનનાર યુવકોના જણાવ્યા અનુસાર, તનવીર પઠાણ, મોઈન અને સમીર નામના શખ્સો સહિતના ટોળાએ આ હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ હુમલા પાછળનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. ઘટના અંગે વારસિયા પોલીસને જાણ કરાતા પોલીસે હોસ્પિટલ દોડી જઈ ભોગ બનનારનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે.

પોલીસે આ મામલે રાયોટિંગ અને મારપીટનો ગુનો નોંધી ફરાર હુમલાખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ક્યાંક ટીપુંય નથી, ક્યાંક નદીઓ વહે છે!

# પૂર્વ ઝોનમાં પાલિકાની ઘોર બેદરકારીથી જનતા પરેશાન



(પ્રતિનિધિ), વડોદરા. તા.8 પૂર્વ ઝોનમાં આવેલી કલ્પના નગર સહિતની ૧૦ થી વધુ સોસાયટીઓમાં છેલ્લા ઘણા સમયથી પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં કે પૂરતા પ્રેશરથી મળતું નથી. ઉનાળાની આકરી ગરમીમાં પણ સ્થાનિકો પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે અને વારંવાર રજૂઆતો કરવા છતાં તેમની સમસ્યાનું કોઈ કાયમી નિવારણ લાવવામાં આવ્યું નથી. આ તરફ જ્યારે જનતા પાણી માટે તરસતી હોય, ત્યારે બીજી તરફ હરણી રોડ પર આવેલી શ્રીવિજય નગર સોસાયટીમાં લાંબા સમયથી પીવાના પાણીની લાઈનોમાં ભંગાણ અથવા અન્ય કોઈ કારણોસર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. માર્ગો પર વહી જતું આ પાણી પાલિકાના આયોજનના લીરેલીરા ઉડાવી રહ્યું છે. આ સમગ્ર મામલે સ્થાનિકો દ્વારા પૂર્વ ઝોનના જવાબદાર અધિકારીઓ અને વિસ્તારના ચૂંટાયેલા હોદ્દેદારોને વારંવાર મૌખિક તેમજ લેખિત જાણ કરવામાં આવી છે. આમ છતાં, તંત્રના પેટનું પાણી હલતું નથી. અધિકારીઓની આ આખ આડા કાન કરવાની નીતિને કારણે હવે જનતામાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક રહીશોમાં ગણગણાટ શરૂ થયો છે કે, શું અધિકારીઓ અને હોદ્દેદારો જાણીજોઈને બેધ્યાન બન્યા છે? સોસાયટીઓમાં કૃત્રિમ અછત ઊભી કરીને શું વડોદરામાં 'ટેન્કર રાજ'ને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે?

**અધિકારીઓની ચૂપકીદીથી રહીશોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો**

### કાંસ સફાઈની કામગીરી વેગીલી કરાશે

# પૂર્વ ઝોનની સમસ્યાના મુદ્દે વોર્ડ ૬માં સંકલનની બેઠક મળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 વડોદરાના પૂર્વ ઝોનમાં પીવાના પાણીની વકરી રહેલી સમસ્યા અને આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રી-મોન્સૂન કામગીરી અંગે વોર્ડ નંબર 6 માં એક મહત્વપૂર્ણ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉનાળાની આકરી ગરમીના કારણે પૂર્વ ઝોનના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક લોકોને પાણીની તીવ્ર અછતનો સામનો કરવો પડી રહ્યો છે, જેને પગલે કોર્પોરેશનનું તંત્ર હવે એલર્ટ મોડ પર આવ્યું છે.

આ સંકલન બેઠકમાં વોર્ડ નંબર 6 ના તમામ સ્થાનિક કાઉન્સિલરો, વોર્ડના એન્જિનિયરો, પ્રોજેક્ટ શાખાના ઉચ્ચ અધિકારીઓ તેમજ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. વરસાદી સિઝન શરૂ થાય તે પહેલાં શહેરના મોટા કાંસ અને ડ્રેનેજ ચેનલોની સફાઈ યોગ્ય રીતે થાય તે મુદ્દે અધિકારીઓ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી જેથી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા નિવારી શકાય.

આ બેઠક અંગે વધુ માહિતી આપતા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સુરેશ તુવરે જણાવ્યું હતું કે, પૂર્વ ઝોનના વોર્ડ નંબર 6 માં પીવાના પાણીના સપ્લાય, વિતરણ અને નાગરિકો તરફથી મળતી ફરિયાદોના તાત્કાલિક નિવારણ માટે આ રિવ્યુ મીટિંગ યોજાઈ છે. વડોદરાના મુખ્ય જળ સ્ત્રોત એવા આજવા સરોવર તેમજ રાયકા અને દોડકા ફ્રેન્ચ વેલમાંથી આવતા પાણીના સપ્લાયમાં ક્યા કારણોસર રૂકાવટ આવે છે કે ક્યાં અનિયમિતતા સર્જાય છે તેનું ફોલ્ટ ફાઈન્ડિંગ કરવામાં આવી રહ્યું છે. તેમણે ખાતરી આપી હતી કે પાણીની સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવશે.

**અડચણો દૂર કરવા ડેપ્યૂટી કમિશનર દ્વારા ખાતરી અપાઇ**

# ધો. ૬ થી ૮માં હવે ભગવદ ગીતાના મૂલ્યોનો અભ્યાસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.8 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત હવે શાળાના વિદ્યાર્થીઓને ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરા સાથે જોડવાના પ્રયાસો તેજ બન્યા છે. તેના ભાગરૂપે વડોદરા મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળાઓમાં ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓને શ્રીમદ્ ભગવદ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતોનો અભ્યાસ કરાવાશે. આ માટે પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠન સ્વરૂપે સામગ્રી સામેલ કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેએ જણાવ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મૂળભૂત સિદ્ધાંતો અનુસાર વિદ્યાર્થીઓને ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ તથા જ્ઞાન પ્રણાલીનો પરિચય મળે અને તેઓ પોતાની પરંપરા પર ગર્વ અનુભવે તેના પર ભાર મૂકાયો છે. ધો. 6 થી 8માં ભગવદ ગીતાનો પરિચય સર્વાંગી શિક્ષણના પાઠ્યપુસ્તકમાં વાર્તા પઠન રૂપે કરાવવામાં આવશે.

### પદમલામાં IOCની લાઇનમાંથી પેટ્રોલિયમ ચોરી કરતો હતો

# ૧૩ વર્ષથી ફરાર આરોપીને ઝારખંડના જામતારાથી ઝડપ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.8 વડોદરા શહેર પોલીસના નાસ્તા ફરતા આરોપીઓ સામેના અભિયાનને વધુ એક મોટી સફળતા મળી છે. વર્ષ 2013માં ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOC)ની અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનમાં પંચર પાડી પેટ્રોલિયમ ચોરી કરવાના ગુનામા છેલ્લા 13 વર્ષથી ફરાર આરોપી અરવિંદ હરીવંશરાય યાદવને છાણી પોલીસ સ્ટેશન અને LCB ઝોન-1ની ટીમે ઝારખંડના જામતારાથી ઝડપી પાડ્યો છે. ટેકનિકલ સર્વેલન્સ અને ચોક્કસ બાતમીના આધારે હાથ ધરાયેલા ઓપરેશનમાં પોલીસે લાંબા સમયથી પોલીસ પકડથી દૂર રહેલા આરોપીને દબોચી લીધો છે. પેટ્રોલિયમ જેવી અત્યંત જ્વલનશીલ પેદાશોની ચોરીનો પ્રયાસ માત્ર સંપત્તિ સામેનો ગુનો નથી, પરંતુ માનવજીવન અને પર્યાવરણ માટે પણ ગંભીર જોખમ ઊભું કરનાર કૃત્ય ગણાય છે. વર્ષ 2013માં પદમલા ગામની સીમમાંથી પસાર થતી IOCની કોયલી-સાંગાનેર પાઈપલાઈનમાં ખાડો ખોદી ક્લેમ્પ અને વાલ્વ લગાવી પેટ્રોલિયમ ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘટનાના મુખ્ય આરોપી અરવિંદ યાદવ સામે ગુનો નોંધાયા બાદ સતત ફરાર રહ્યો હતો. આરોપી ઝારખંડના જામતારા વિસ્તારમાં હોવાની માહિતી પોલીસને મળતાં છાણી પોલીસની ટીમ જામ તારા પહોંચી હતી અને સ્થાનિક સ્તરે ગુપ્ત રેકી કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. અન્ય સાગરિતો અને સંભવિત ગુનાઓ અંગે મહત્વની વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

### કેબલ વાયરો તૂટતા એક તરફનો રસ્તો બંધ

# ખાસવાડી સ્મશાન રોડ પર વિશાળ વૃક્ષ ધરાશાયી, સદનસીબે જાનહાનિ ટળી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.8 વડોદરા શહેરના ખાસવાડી સ્મશાન રોડ પર ગત રાત્રીએ એક વિશાળ વૃક્ષ મુખ્ય માર્ગ પર ધરાશાયી થતાં મોટી દુર્ઘટના સર્જાતા બચી ગઈ હતી. મધરાત્રીએ બનેલી આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ, વૃક્ષ પડવાથી કેબલ વાયરો તૂટી પડ્યા અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ખાસવાડી સ્મશાન રોડ પર અચાનક મુખ્ય માર્ગ પર આવેલું વિશાળ ઝાડ તૂટી પડ્યું હતું. ઝાડ પડતાની સાથે જ ઉપરથી પસાર થતા કેબલ વાયરો પણ તૂટીને રસ્તા પર પડ્યા, જેના કારણે લોકોના જીવને જોખમ ઉભું થયું હતું. વૃક્ષ અને વાયરો રસ્તા પર પડી જતા એક તરફનો રસ્તો સંપૂર્ણપણે બંધ કરવો પડ્યો હતો. વહેલી સવારે નોકરી-ધંધે નીકળેલા વાહનચાલકોને લાંબો ચકરાવો લઈને પસાર થવાની ફરજ પડી હતી. તૂટીને નીચે પડેલા વીજ વાયરોના કારણે અકસ્માતનો ભય પણ સેવાઈ રહ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઝાડ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. કલાકોની જહેમત બાદ રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. સ્થાનિકોએ જણાવ્યું કે, ઘટના મધરાત્રીએ બનતા રસ્તા પર અવર-જવર ઓછી હતી, જેથી મોટી જાનહાનિ ટળી. જો આ ઘટના દિવસ દરમિયાન બની હોત તો ગંભીર અકસ્માત સર્જાઈ શક્યો હોત. તંત્ર દ્વારા જોખમી વૃક્ષોનું સર્વેક્ષણ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

### GCAS પોર્ટલની ખામી : પ્રવેશમાં ગંભીર ગેરરીતિ

# વિદ્યાર્થીઓના ભવિષ્ય દાવ પર, ડીનના રાજીનામાની માગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.8 એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સની પ્રવેશ પ્રક્રિયામાં જીકાસ પોર્ટલની ટેક્નિકલ ખામીઓ અને વહીવટી બેદરકારી સામે વિદ્યાર્થીઓ-વાલીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. સેનેટ સભ્ય કપિલ જોશીએ કુલપતિ સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ જીકાસ અને યુનિવર્સિટી વચ્ચે સંકલનના અભાવે પ્રવેશ પ્રક્રિયામાં ગૂંચવણ સર્જાઈ છે. 7 જૂનની એડિટિંગ સુવિધા અનેક વિદ્યાર્થીઓને મળી નહોતી.

જ્યારે કેટેગરીમાં ફેરફાર બાદ બીકોમ ઓનર્સ સહિતની કોર્સ પસંદગીઓ આપમેળે દૂર થઈ ગઈ હતી. પ્રવેશ પરીક્ષા આપ્યા છતાં કેટલાક વિદ્યાર્થીઓને 'એબ્સન્ટ' દર્શાવાયા હોવાની ફરિયાદ પણ ઉઠી છે. અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે ફિઝિકલ રિવેરિફિકેશન, વિશેષ સુધારા વિન્ડો અને ડિલીટ થયેલી પસંદગીઓ પુનઃસ્થાપિત કરવાની માંગ કરવામાં આવી છે.

### સુરક્ષાના સાધનો વિના મોડી રાત્રે કામ કરાવાતું હોવાના આક્ષેપ

# જેતલપુર રોડ પર કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરો પર માટી પડતાં બે શ્રમિકો દટાયા

**કોન્ટ્રાક્ટર અને** બિલ્ડર દ્વારા મજૂરોને સયાજીમાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા અનેક તર્કવિતર્ક





(પ્રતિનિધિ), વડોદરા. તા.8 શહેરના જેતલપુર રોડ પર આવેલી એક નવી ચાલી રહેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર મોડી રાત્રે આશરે 12:00 થી 12:30 વાગ્યાના અરસામાં એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. સાઈટ પર RCC નું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન અચાનક માટી ધસી પડી હતી. આ અકસ્માતમાં ત્યાં કામ કરી રહેલા બે શ્રમિકો માટી નીચે દબાઈ ગયા હતા, જેના કારણે ઘટનાસ્થળે ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. અંદાજે એક કલાકની ભારે જહેમત બાદ JCB મશીનની મદદથી માટી હટાવીને બંને શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલી 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સની ટીમે ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, બંને મજૂરોને ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેઓને વધુ સારવાર માટે તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. કોન્ટ્રાક્ટર અને બિલ્ડરની ભૂમિકા સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. દુર્ઘટનાની જાણ થતાં જ બિલ્ડર અને કોન્ટ્રાક્ટર હોસ્પિટલ દોડી આવ્યા હતા. ત્યારબાદ ગંભીર રીતે ઘવાયેલા મજૂરોને સરકારી હોસ્પિટલમાંથી તાબડતોબ કોઈ ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે, જેને પગલે સમગ્ર મામલાને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે કે કેમ તેવા તર્કવિતર્કો શરૂ થયા છે.

### વિકાસની આંધળી દોટમાં દર્દીઓનો શ્વાસ રુંધાયો

# ગોત્રી હોસ્પિટલ બહાર કોન્ટ્રાક્ટરની બેદરકારી, એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં ફસાઈ



(પ્રતિનિધિ), વડોદરા. તા.8 ગોત્રી વિસ્તારમાં વિકાસની મોટી-મોટી વાતો વચ્ચે સ્થાનિક નાગરિકો અને ગંભીર દર્દીઓ માટે નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ગોત્રી હોસ્પિટલની બહાર રોજબરોજ સર્જાતા ટ્રાફિક જામને કારણે હવે લોકોના જીવ જોખમમાં મુકાયા છે. આજે સવારે સર્જાયેલા ભારે ચક્કાજામમાં કટોકટીની સ્થિતિમાં દર્દીને લઈને જઈ રહેલી એક એમ્બ્યુલન્સ પણ ફસાયેલી રહી હતી. સાયરનો વગાડવા છતાં વાહનો ખસવાની જગ્યા નહોતી, જેના કારણે દર્દીઓના સગા-સંબંધીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા. એક તરફ એમ્બ્યુલન્સના સાયરનનો અવાજ અને બીજી તરફ વાહનોના હોર્નનો ઘોંઘાટ... શું આ જ છે આપણો સ્માર્ટ વિકાસ ? આ ભારે ટ્રાફિક જામ પાછળ વિકાસના કામો કરી રહેલા કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કોન્ટ્રાક્ટર દ્વારા વિશાળ કદની પાઈપો રોડ પર જ અત્યંત આડેધડ અને જવાબદારી વગર મૂકી દેવામાં આવી છે. આ પાઈપોને કારણે પહેલેથી જ વ્યસ્ત રહેતો આ મુખ્ય રસ્તો સાંકડો ગલી જેવો બની ગયો છે. કામગીરી દરમિયાન ટ્રાફિક ડાયવર્ઝન કે સુરક્ષાના કોઈ નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી, જેને પગલે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. એમ્બ્યુલન્સને સમયસર રસ્તો ન મળતાં ગંભીર દર્દીઓ માટે જીવન-મરણની ક્ષણ સમાન 'ગોલ્ડન અવર' ગુમાવવાનો વારો આવે છે. કોન્ટ્રાક્ટરના આવા બેજવાબદાર વલણને કારણે કોઈનો જીવ પણ જઈ શકે છે. આ વિસ્તારનો વ્યાપારી અને રહેણાંક વિકાસ એટલી ઝડપે થયો છે કે તંત્ર રોડ-રસ્તા અને ટ્રાફિક મેનેજમેન્ટનું આયોજન કરવાનું જ ભૂલી ગયું છે.

### સેવાકાર્યકર્તાઓનું સન્માન પણ કરાયું

# વ્રજરાજકુમારજી મહારાજશ્રીએ ૧૧૦૦ કાર્યકર્તાને અભિનંદન પાઠવ્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.8 પરમ પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે શહેરના નવલખી મેદાન ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) અને વ્રજધામ આધ્યાત્મિક સંકુલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ભવ્ય *'શ્રી ગિરિરાજ કૃપા મહોત્સવ'*ને સફળ બનાવવા માટે નિસ્વાર્થભાવે સેવા આપનારા 1100થી વધુ કાર્યકર્તાઓનું વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીએ સન્માન કર્યું હતું. ગત 23થી 25 મે, 2026 દરમિયાન યોજાયેલા આ ત્રિદિવસીય મહોત્સવમાં ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી હજારો ધર્મપ્રેમી ભાવિકોએ હાજરી આપી હતી. પુરુષોત્તમ માસના પાવન અવસરે હરિનામ સંકીર્તન, આધ્યાત્મિક કાર્યક્રમો અને વિવિધ અલૌકિક આયોજનોથી ભાવિકો લાભાન્વિત બન્યા હતા. મહોત્સવ દરમિયાન પૂજ્ય વ્રજરાજકુમારજી મહારાજશ્રીના ત્રિદિવસીય શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રવચનો વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. ઉપરાંત 1100 ગાયોના સાનિધ્યમાં વિશાળ શ્રીગોવર્ધન ગૌચારણ મહામનોરથ અને 2100 કુંડી શ્રીપુરુષોત્તમ સહસ્ત્રનામ મહાયજ્ઞનું ઐતિહાસિક આયોજન પણ સંપન્ન થયું હતું. મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે પ્રસિદ્ધ ગાયક શ્રી અતુલ પુરોહિતના કાંઠે યોજાયેલા રાસોત્સવમાં પણ હજારો ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર મહામનોરથને સાકાર કરવા માટે મહિનાઓથી સતત સેવા બજાવનારા શહેરના વિવિધ વિસ્તારોના 1100થી વધુ કાર્યકર્તાઓનું ગત રોજ માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું.

### પશ્ચિમ રેલવે વડોદરા મંડળની ઐતિહાસિક સિદ્ધિ

# દહેજ અદાણી પોર્ટ સાઈડિંગથી લાતુર માટે પ્રથમ વખત ખાતરની રેક રવાના



( પ્રતિનિધિ ) વડોદરા,તા.8 પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે માલ પરિવહન ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. અત્યાર સુધી મુખ્યત્વે કોલસા લોડિંગ કેન્દ્ર તરીકે જાણીતી દહેજ અદાણી પોર્ટ સાઈડિંગથી પ્રથમ વખત ખાતરની રેક લોડ કરી લાતુર માટે રવાના કરવામાં આવી છે.

મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના કુશળ નેતૃત્વ હેઠળ આ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ડિસેમ્બર 2025 માં DRMએ સાઈડિંગનું નિરીક્ષણ કર્યું ત્યારે ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ ઉપયોગ કરી નવા માલ યાતાયાતને આકર્ષવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેના ભાગરૂપે જ કોલસા સાઈડિંગથી ખાતર લોડિંગ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો, જે હવે સાકાર થયો છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી દ્વારા જણાવ્યા મુજબ દહેજ અદાણી પોર્ટથી લાતુર માટે 21 વેગનવાળી મીની BCN ખાતર રેક રવાના કરાઈ હતી.

આ રેક લગભગ 926 કિલોમીટરનું અંતર કાપશે અને તેનાથી મંડળને અંદાજે 20.54 લાખનું માલભાડું રેવન્યુ પ્રાપ્ત થશે. આયાતિત ખાતરનો આ જથ્થો કૃષિ ક્ષેત્રની જરૂરિયાતો સમયસર અને સુરક્ષિત રીતે પૂરી કરવામાં મદદરૂપ થશે. લાતુર માટે પ્રથમ ખાતર રેકનું સફળ પ્રેષણ વડોદરા મંડળની વ્યાવસાયિક દૂરદષ્ટિ અને નવીનતા દર્શાવે છે. આ સિદ્ધિથી સાબિત થયું કે, મૌજૂદ રેલવે સંપત્તિઓનો ઉપયોગ કરી નવા વ્યાપારિક અવસરોનું સર્જન કરી શકાય છે.

આ દહેજ અદાણી પોર્ટ સાઈડિંગ માટે નવી શરૂઆત છે અને ભવિષ્યમાં વિવિધ પ્રકારના માલ યાતાયાતને આકર્ષવાની અસીમ સંભાવનાઓ ખુલી છે. વડોદરા મંડળ ગ્રાહકોને બહેતર માલ પરિવહન સેવાઓ, ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા અને રેલવેના માલ વ્યવસાયને નવી ઊંચાઈએ પહોંચાડવા સતત પ્રયાસરત છે.